# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૩ • ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## સાહિત્ય સર્જકોનું અભિવાદન




શિશુવિહાર પરિસરમાં તારીખ ૧૫ સપ્ટેમ્બરે શબ્દ સાધના રૂપે ત્રિવિધ કાર્યક્રમો યોજાઇ ગયા. ગુજરાતનાં જાણીતા કવિ ડૉ. વિનોદભાઇ જોશી તથા પદ્મશ્રી ડૉ.મુનિભાઇ મહેતાની વિશેષ ઉપસ્થિતિમાં ૮મો જાહ્નવી સ્મૃતિ એવૉર્ડ ગુજરાતના જાણીતા કવયિત્રી શ્રી લત્તાબહેન હિરાણીને, ગઝલકાર શ્રી કિસ્મતભાઇ કુરેશીની સ્મૃતિમાં ત્રીજો ગઝલ એવોર્ડ અમરેલીનાં યુવા ગઝલકાર શ્રી પ્રણવભાઇ પંડયાને, તેમજ છેલ્લાં ૬ વર્ષથી અપાતા શ્રી અનિલભાઇ શ્રીધરાણી માતૃભાષા સંવર્ધન એવૉર્ડ શ્રી રાજેશભાઇ ધામેલિયા (સુરત)ને એનાયત થયો.

વર્ષ ૧૯૮૦થી કાર્યાન્વિત બુધસભા પરિસરમાં યોજાએલ સમારોહનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. આમંત્રિત મહેમાનોનું સ્વાગત, તથા શિશુવિહાર સંસ્થાનો પરિચય સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઇ ભટ્ટે આપ્યો હતો. મહેમાનોનું સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવ્યું. આ અવસરે શ્રી વિનોદભાઇ જોશીએ શ્રી ભાગીરથીબહેન મહેતા, શ્રી કિસ્મતભાઇ કુરેશી અને શ્રી અનિલભાઇ શ્રીધરાણીએ સાહિત્ય ક્ષેત્રે તેમજ શિશુવિહાર સંસ્થામાં કરેલ પ્રદાન વિશે માહિતી આપી હતી, ઉપરાંત સન્માન માટે પસંદગી પામેલ ત્રણેય સાહિત્યકારોનાં પ્રદાન વિશે પણ ટૂંકી વાત કરી હતી, ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે ખેસ, સન્માનપત્ર, પુસ્તકો તથા રૂા. ૧૧૦૦૦/- નો પુરસ્કાર અર્પણ કરીને કવયિત્રી શ્રી લત્તાબહેન હિરાણી, શ્રી પ્રણવભાઇ પંડયા અને શ્રી રાજેશકુમાર ધામેલીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ્રતિભાવ અને આનંદ ઉદ્ગાર વ્યક્ત કરતાં શ્રી રાજેશકુમાર ધામેલીયાએ જણાવ્યું હતું કે, ''શિશુવિહાર સંસ્થા દ્વારા મારું સન્માન જીવનનો અવિસ્મરણીય અવસર છે. ખરેખર, આ અભિવાદન માતૃભાષા પ્રેમીઓનું સન્માન છે. ''સાચી જોડણી લાગે વ્હાલી'' અને ''ભાષાસજ્જતા'' પુસ્તિકાઓ ત્રણ લાખથી વધારે લોકોએ વસાવીને મને અદ્ભુત પ્રોત્સાહન પુરું પાડયું છે. કોઇ પણ જિજ્ઞાસુ શિક્ષક માત્ર ૧૦ કલાક ભાષાસજ્જતા માટે ફાળવે તો ૮૦-૯૦% શુદ્ધલેખન શીખવી શકે. આપણી ઈચ્છાશક્તિ હોય તો આધુનિક ટેક્નોલોજીની મદદથી માતૃભાષાનું સંવર્ધન ખૂબ સહેલાઇથી થઇ શકે તેમ છે. ''

આ પ્રસંગે શ્રી પ્રણવભાઇ પંડયાએ જણાવ્યું હતું કે, ''ગઝલ ક્ષેત્રે ખૂબ મોટું પ્રદાન કરનાર કિસ્મત કુરેશીની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થા દ્વારા મારું સન્માન થયું તે મારા જીવનનો અણમોલ અવસર છે.'' શ્રી પ્રણવભાઇએ પોતાના કાવ્યો રજૂ કરીને આનંદ વ્યક્ત કર્યો હતો. કવયિત્રી શ્રી લત્તાબહેન હિરાણીએ જણાવ્યું હતું કે, ''આ પૂર્વે મને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો પ્રાપ્ત થયાં છે. પણ શિશુવિહાર સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ એવૉર્ડનું મારે મન અનોખું સ્થાન છે. મારા જીવનમાં ૪૫ વર્ષ પછી મે લેખનયાત્રાનો પ્રારંભ કર્યો. બીમારીમાંથી બહાર આવવા માટે આરંભાયેલી આ સાહિત્યિક યાત્રા દ્વારા મને આનંદમય જીવનની પ્રાપ્તિ થઇ છે. આજ સુધીમાં અનેક સંસ્થાઓ અને લોકોનો મને સહયોગ સાંપડયો છે, તે સૌનો આભાર વ્યક્ત કરું છું.''

સમારોહના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ.એમ.એચ.મહેતાએ જણાવ્યું હતું કે,''સાહિત્ય, સમાજ, શિક્ષણ, આરોગ્ય એમ અનેકવિધ ક્ષેત્રે અવિરતપણે કાર્ય કરતી શિશુવિહાર સંસ્થા વંદનીય છે. વર્ષોથી સાતત્યપૂર્ણ રીતે અહીં જે કાર્ય થઇ રહ્યું છે, તે બદલ સંસ્થાના મંત્રીશ્રી નાનકભાઇ અને સંસ્થાના હોદ્દેદારો તેમજ સૌ કાર્યકરોને અભિનંદન. એવોર્ડ માટે યોગ્ય


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ




✿ પ્રકાશન સ્થળ ✿

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

વ્યક્તિની પસંદગી કરવી તે ખૂબ અઘરું કાર્ય હોય છે, આ અઘરું કાર્ય સારી રીતે પાર પાડવા બદલ પણ સૌને ધન્યવાદ. આજે સન્માનિત થયેલ ત્રણેય વ્યક્તિઓ દ્વારા જે કાર્યો થઈ રહયાં છે, તે જાણીને આનંદ થાય છે.'' આજે માતૃભાષા સંવર્ધનની ખૂબ જરૂર છ, ત્યારે આ દિશામાં પણ સરસ કાર્ય થઇ રહયું છે તે પ્રત્યે ડૉ. મહેતાએ રાજીપો વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની આભારવિધિ શ્રી હિમલભાઇ પંડયાએ કરી હતી. ભોજન બાદ સંપન્ન થએલ કાર્યક્રમનું સંચાલન બુધસભાના સંયોજક ડૉ.માનસીબહેન ત્રિવેદીએ કર્યુ હતું.

### શ્રી ભાગીરથીબહેન મહેતા જાહ્નવી સ્મૃતિ કાવ્ય એવોર્ડ, સાતત્ય વર્ષઃ ૮
### સન્માનિત શ્રી લત્તાબહેન હિરાણી



શ્રી લત્તાબહેન હિરાણી કવિ, સાહિત્યકાર અને સંપાદક એમ બહુમુખી પ્રતિભા ધરાવે છે. એમનાં ચોવીસ જેટલાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. વિશ્વકોષ અને કાવ્યવિશ્વ વેબસાઈટનું સંપાદન તેમજ દિવ્ય ભાસ્કરમાં કોલમનું લેખન કરી રહયાં છે. એમનાં નોંધપાત્ર પ્રદાન બદલ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના આઠ એવોર્ડ એમને પ્રાપ્ત થયા છે.ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ કારોબારી સભ્ય સાહિત્ય યાત્રાના સંપાદક તેમજ દિવ્ય ભાસ્કરમાં ૨૦૦૭થી આજ સુધી કાવ્યસેતુ કોલમ લખી લેખક શ્રી લત્તાબહેન દ્વારા કુલ ચોવીસ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેઓશ્રી ત્રણ આંતરરાષ્ટ્રીય, એક રાષ્ટ્રીય અને પાંચ રાજ્યકક્ષાના પુરસ્કારોથી સન્માનિત છે.



ગુજરાતના કાવ્ય જગત સાથે બહેનોની અભિવ્યક્તિને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરનાર શ્રી લત્તાબહેનનું જાહ્નવી સ્મૃતિ સન્માન ગૌરવવંત બની રહે છે.

### શ્રી કિસ્મતભાઇ કુરેશી ગઝલ એવોર્ડ, સાતત્ય વર્ષઃ ૩
### સન્માનિત શ્રી પ્રણવભાઇ પંડયા



અમરેલીના વતની શ્રી પ્રણવભાઇ પંડયા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. કાવ્યલેખન, કટારલેખન, સાહિત્યિક-સાંગીતિક ઉપક્રમોનું સંચાલન કુશળતાથી સંભાળે છે. ૮થી વધુ વર્ષથી જન્મભૂમિ 'પ્રવાસી મુંબઈ', 'ફૂલછાબ', 'રાજકોટ અને કચ્છ મિત્ર' ભુજની રવિવાર પૂર્તિમાં શ્વાસનું રિચાર્જ નિયમિત કટારલેખન કરી રહયા છે. ૬ પુસ્તકો તેમનાં પ્રકાશિત થયાં છે.

રાવજી પટેલ યુવા સાહિત્ય સન્માન અમદાવાદ (૨૦૧૩), ગુરુ ગૌરવ સન્માન (૨૦૧૭), સાંદીપની સંસ્થા પોરબંદર, વતનના રતન સન્માન (૨૦૧૭)- અમરેલી નગરપાલિકા, શયદા એવૉર્ડ-આઇ.એન.ટી. મુંબઇ, રાજવી કવિ કલાપી એવોર્ડ- આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ, લાઠી દ્વારા એમને બહુમાન પ્રાપ્ત થયાં છે. શિશુવિહાર બુધસભાના સ્થાપક સભ્ય અને ભાવનગરના સાહિત્ય જગતને ગઝલ ક્ષેત્રે દોરનાર શ્રી કિસ્મતભાઈની સ્મૃતિમાં યુવા ગઝલકાર શ્રી પ્રણવભાઇ પંડયાનું અભિવાદન ગૌરવવંતુ બની રહે છે.

## શ્રી અનિલભાઈ શ્રીધરાણી માતૃભાષા સંવર્ધન એવોર્ડ, સાતત્ય વર્ષ : ૬
## સન્માનિત શ્રી રાજેશભાઈ ધામેલિયા




શ્રી રાજેશ ધામેલિયા માતૃભાષા સંવર્ધનનું અનોખું કાર્ય કરે છે. ''સાચી જોડણી લાગે વહાલી'' અને ''ભાષા સજ્જતા'' પુસ્તિકાનું સંપાદન કર્યું છે. આ પુસ્તિકા ૩ લાખ થી વધારે લોકોએ વસાવી છે. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ન્યૂયોર્ક-અમેરિકા સ્થિત (મૂળ ગુજરાતી) વિદ્યાર્થીઓ માટે ૬૫૦ થી વધુ સેમીનાર યોજ્યા છે. સુરતના જાણીતા અખબાર 'ધબકાર'માં છેલ્લાં નવ વર્ષથી શબ્દસરિતા કોલમ લખે છે. વિવિધ અખબારો અને સામયિકોમાં એમના ૭૦૦થી વધારે લેખો પ્રસિદ્ધ થયા છે. એમનાં ''બાળકેળવણી ગૌરવવંતા પથદર્શકો'', ''ગૌરવશાળી ગુજરાતીઓ'' વગેરે પુસ્તકો પ્રકાશિત થયાં છે.

ગુજરાતનાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે રાજ્યનું શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, માતૃભાષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, સિસ્ટર નિવેદીતા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, વિશિષ્ટ સેવા એવાર્ડ, સુરત જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, શિક્ષક સજ્જતા એવોર્ડ જેવા વગેરે એવોર્ડથી વિવિધ સંસ્થાઓએ એમને સન્માનિત કર્યા છે. શિશુવિહારની સાહિત્ય પ્રવૃત્તિ શ્રી રાજેશભાઈ ધામેલિયાનું અભિવાદન કરતાં ગૌરવ અનુભવે છે. તેમજ પ્રાથમિક શાળાનાં શિક્ષક તરીકેના તેમના રાજ્યવ્યાપી પ્રદાન માટે અભિનંદન પાઠવે છે.



## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ
### બાળ શિક્ષણ
### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર


ગણપતિ ઉત્સવની ઉજવણી



વિવિધ ઝાડ-પાનની ડાળીનું પ્રદર્શન


અનુભવના બહેનોની વાલી સાથે મીટીંગ


માટીકામ

• શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં સપ્ટેમ્બર માસ દરમિયાન બાળકોની સંખ્યા ૬૬ રહી હતી. માસ દરમિયાન બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. કાર્યકર શ્રી અનિલભાઈ બોરીચા તરફથી બાળકોને પોષક આહાર (નાસ્તો) આપવામાં આવેલ. બાળકોમાં સમૂહ ભાવના કેળવવાના હેતુથી માટીકામ, ગેરુ વડે ચિત્રકામ તેમજ હળવી રમત અંતર્ગત હેલીકોપ્ટર, ગરગડીનો પ્રયોગ, ચુંબકીય હોડી બનાવવી, શૂન્યાવકાશનું સર્જન જેવા પ્રયોગ બાળકોને કરી બતાવેલ. માસ દરમિયાન વિવિધ ઝાડપાનની ડાળીનું પ્રદર્શન યોજેલ. જેમાં બાળકોની સંખ્યા ૫૫ અને વાલીની દર્શક સંખ્યા ૩૫ રહી હતી. સાંપ્રદાયિક સૌહાર્દના સંસ્કાર સિંચન માટે તારીખ ૬ એ ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. તેમાં બાળકોની સંખ્યા ૫૫ રહી હતી. શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના

ઉપક્રમે ચાલતા ૮૧ મા અનુભવ વર્ગમાં શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા મોન્ટેસરીમાં ગુજરાતના કેળવણીકાર વિશે માહિતી તેમજ ચાર્ટ તૈયાર કરાવેલ. શ્રી કૃષ્ણકુમારસિંહ અંધઉદ્યોગ શાળામાં શિક્ષક બહેનો સાથે અનુભવવર્ગની બહેનો ગયેલ. હસ્તઉદ્યોગમાં માટીકામ, ટાંકાકામ, ગણિતભાષામાં પારાલાકડી, મોઈની પેટી, સંગીતમાં બાળગીત, તેમજ પોષકઆહારમાં શીરો તૈયાર કરવાની તાલીમ આપવામાં આવેલ. સપ્ટેમ્બર માસ દરમિયાન સર્વશ્રી મનોજભાઈ ઠક્કર, શ્રી રાજેશભાઈ જે ભટ્ટ, શ્રી ફોરમબહેન કિશોરભાઈ પરમાર, શ્રી તૃપ્તિબહેન અશ્વિનભાઈ પટેલ, શ્રી ઉષાબહેન અરુણભાઈ શેઠ, શ્રી જ્યોતિબહેન માધવાની, શ્રી જગદીશભાઈ ત્રિવેદી (યોગિનીબહેન), શ્રી કમલેશભાઈ કરશનભાઈ મોદી, શ્રી ચંદનબહેન બી. પટેલ, ડૉ.જશુબહેન હરકાંતભાઈ જાની, શ્રી પ્રફુલ્લભાઈ એલ.શાહ, ડૉ.દેવીન્દ્રાબહેન શાહ, શ્રી નિપુણભાઈ તેમજ શ્રી વામનરાય વી. પારેખ તરફથી બાળકોને ભોજન અને ૨૨ દાતાશ્રી તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. જન્મદિવસ નિમિત્તે બાલમંદિરનાં બાળક ચિ.અલિઝાબહેન, આબેદહુસેન શેખ તરફથી ૨૦૦/- રૂા. ભેટ આપેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**

## આરોગ્ય

## ૪૯૪ તથા ૪૯૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ






• શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૫૬ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઈ. શ્રી શાંતાબહેન નવનીતરાય પટેલ તથા નવનીતરાય શાંતિલાલ પટેલની સ્મૃતિમાં ૪૯૪ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો, તેમજ શ્રી સ્વ.અનસૂયાબહેન ભાસ્કરરાય દેસાઈની સ્મૃતિમાં ૪૯૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૭ સપ્ટેમ્બરના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ







નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૫૬ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી દેવકરણભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૨૧ દર્દીઓને કેટ્રેક સર્જરી સાથોસાથ જરૂરી સારવાર અપાશે.

'દર્દી દેવોભવ'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઈ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વિસેષ સુવિધા મળી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## ભાલ વિસ્તારનાં ગામડાંઓમાં આરોગ્ય શિબિર





• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં અધેલાઈ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૨૪૩ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા






ચશ્માનું વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ પુસ્તકો તથા બાલ આરોગ્યસૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી,ડૉ.અભિલાષાબહેન સોનપાલ, ડૉ.મિતિષાબહેન રાબડીયા, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ, શ્રી નિર્મોહીબહેન ભટ્ટ તથા નિરમા મેડિકલ ડિપાર્ટમેન્ટના સિનિયર આસિસ્ટન્ટ શ્રી જયદેવભાઈ દવે તથા ગામનાં સરપંચ શ્રી વિપુલભાઈ દુમાહિયા તથા આચાર્ય શ્રી ગજેન્દ્રભાઈ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



• સપ્ટેમ્બર માસ દરમિયાન નિયમિત રીતે આવતા સ્કાઉટ તાલીમાર્થીઓની સંખ્યા ૩૫ રહી હતી. આયોજન અનુસાર સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન ઘડિયાળકાંટો, કબડ્ડી, વોલીબોલ પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી. સાયં પ્રાર્થના સમયે તાલીમાર્થીઓએ સમૂહમાં પ્રાર્થના, ધૂન, ગીતો, હર્ષનાદ ગાયા. તેમજ સ્કાઉટ વિદ્યાર્થી ચિરાગ ગોહેલ, નિતિન ગોહેલ, માનવ વસાણીયાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સંસ્થાના કાર્યકર શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ, શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના વિદ્યાર્થીઓને પોષક આહાર આપવામાં આવેલ. તેમજ સ્વ.રજનીભાઈ જે. ઓઝાના સ્મરણાર્થે (હસ્તે શ્રી હિનાબહેન ભટ્ટ), સ્વ. સુકન્યાબહેન ભટ્ટનાં સ્મરણાર્થે (હસ્તે શ્રી કીર્તિબહેન ભટ્ટ) સ્કાઉટના વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવેલ. સંસ્થા ક્રિડાંગણના તાલીમાર્થી જયપાલ વાઘેલા અને હર્ષ ચુડાસમા અગ્નિવીર (ઈન્ડિયન આર્મી)માં ફાઈનલ રાઉન્ડમાં પસંદગી પામ્યા છે. આગામી સમયમાં બંને ભાઈઓ મહારાષ્ટ્ર તેમજ બેંગ્લોર ખાતે ટ્રેનિંગ લેવા જશે. સંસ્થા ક્રિડાંગણ બંને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવે છે.

**સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ**

## અભિનંદન




• રોટરી ક્લબ ઓફ ભાવનગર દ્વારા નેશન બિલ્ડીંગ એવાર્ડ સંસ્થા બાલમંદિરના આચાર્યશ્રી અંકિતાબહેનને અર્પણ થયો છે. રોટરી પ્રેસિડંટ શ્રી તારકભાઈ મહેતા તથા શિક્ષણવિદ ડૉ.નલિનભાઈ પંડિતના વરદ હસ્તે શિશુવિહારની શૈક્ષણિક પ્રવૃત્તિનું અભિવાદન ગૌરવવંત બની રહે છે.



• શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ વિભાગના ઉપક્રમે યોજાએલ શૈક્ષણિક સન્માન કાર્યક્રમમાં શિશુવિહાર બાલમંદિરના શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટનું સન્માન થયું. ગુજરાતના જાણીતા કવિશ્રી કૃષ્ણ દવે તથા ડૉ.ચેતનભાઈ ભટ્ટનાં વરદહસ્તે શ્રી પ્રીતિબહેનનું અભિવાદનથી સંસ્થા ગૌરવ બની રહે છે.



• રમત-ગમત યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જિલ્લા સાંસ્કૃતિક કચેરી દ્વારા યોજવામાં આવેલ. જિલ્લા કક્ષાના યુવા ઉત્સવ અને નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધામાં શિશુવિહારની બહેનોએ અર્વાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક રહી સંસ્થાની સાંસ્કૃતિક પ્રવૃત્તિને ગૌરવાન્વિત કરી છે. સંસ્થાની બહેનો હવે ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ગાંધીનગર જઈ ગરબાની પ્રસ્તુતિ કરનાર છે.



## ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ સપ્ટેમ્બર માસમાં ૫૨૨ દર્દીઓએ સારવાર લીધી હતી, તેમજ ફિટનેસ સેન્ટરમાં ૧૪ બહેન જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

## વયસ્કો માટે ૩૫૫ મી દ્રષ્ટિ ચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી સપ્ટેમ્બર માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૪૫ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૨૮ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

સપ્ટેમ્બર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૫૩ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ સપ્ટેમ્બર માસ દરમિયાન ૯૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

## હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ, દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ સપ્ટેમ્બર માસ દરમિયાન ૨૯૩ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ

## ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દરદીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬થી૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. સપ્ટેમ્બર માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૧૨ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

સપ્ટેમ્બર માસમાં ૨૬૦ વાચક સભ્યોએ ૧૨૫ પુસ્તકો વાચ્યાં હતાં. 'કાળની પાઠશાળા પુસ્તક નંગ-૮'(કસ્તુરબહેન પટેલ-બોદરા), 'કુમાર એકસદીની કલાયાા'(રમણીકભાઈ ઝાપડીયા)'સંવાદ,ઝરમર,ઝળઝળવા' (લતાબહેન હિરાણી), 'સ્ત્રી મેગેઝીન-૧૫૦ નંગ'(રવિભાઈ પરમાર-જિલ્લા પુસ્તકાલય) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વન:

સપ્ટેમ્બર માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૭૬૩ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. ગાયત્રી વિદ્યામંદિર સ્કૂલના ૧૫૦ બાળકો, આરાધના સ્કૂલનાં ૨૦૦ બાળકો, આંગણવાડી ઘટક ૧ અને ૨ના ૨૦૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. સપ્ટેમ્બર માસ દરમિયાન ૩૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

## સંગીત વર્ગ:

સપ્ટેમ્બર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૫ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. સપ્ટેમ્બર માસમાં ક્રમાંક ૨૧૬ થી ૨૨૦મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને માટીના ગણપતિ, ઝરૂખો, ટોપરાના લાડું, શુભ-લાભ, વોલ હેંગીગ અને આરતીની થાળી બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૧૬૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

**(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)**

સપ્ટેમ્બર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૯ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને કાપડના હેર બો સ્ટીચ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૭ સપ્ટેમ્બર યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. સપ્ટેમ્બર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૫૧ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી નૈનેશભાઈ ભટ્ટ તરફથી ફિક્સ વોકર ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ

**સ્વ-રોજગારઃ**

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા સપ્ટેમ્બર માસમાં કાપડની ૧૨૮૩ થેલી તૈયાર થતાં કુલ રૂ.૬૪૧૫/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૧૦,૩૦૯ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.**

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

**જીવન શિક્ષણ તાલીમઃ**

ભાવનગરમાં ડ્રોપ નામની સંસ્થા થકી સેવાભાવી યુવક મિત્રો દ્વારા પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝુંપડપટ્ટીના ૨૦ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૨૨ ગરીબ બાળકોને નાસ્તો, વાંચન-ગણન,ક્રાફ્ટ અને રમત ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે.

સંચાલક :શ્રી હિમાંશુભાઇ શાહ

**મનોરંજનઃ**

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. સપ્ટેમ્બર માસ દરમિયાન ૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી મીનાબહેન મકવાણા

**પ્રચાર-પ્રસાર**

વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

**અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર**

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની સપ્ટેમ્બર માસમાં ૧૮૪ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓગસ્ટ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૩૫ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



**• સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •**
**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

**• સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| 2,00,000.00 | શ્રી બાબુલભાઈ પ્રિયવદન વ્હોરા | નેત્રયજ્ઞ સહાય |
| 1,00,000.00 | શ્રી મનિષભાઇ ધીરજલાલ દેસાઈ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 30,000.00 | શ્રી સુધાબહેન કે. શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 25,000.00 | શ્રી સરલાબેન જતિનભાઈ ભટ્ટ | નવરાત્ર ઉત્સવ |
| 25,000.00 | ભાવનગર સોલ્ટ એન્ડ ઈન્ડ.વર્કસ પ્રા.લી. | કેલેન્ડર પબ્લિકેશન સહાય |
| 25,000.00 | શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ | કેલેન્ડર પબ્લિકેશન સહાય |
| 20,000.00 | શ્રી કેયુરભાઈ રોહિતકુમાર પટેલ | નેત્રયજ્ઞ સહાય |
| 16,000.00 | શ્રી મહેશભાઈ હરિભાઈ મહેતા | નાગરિક સન્માન |
| 15,000.00 | શ્રી પ્રણવભાઈ વિનોદરાય પંડ્યા | નાગરિક સન્માન |
| 15,000.00 | ડૉ.યજ્ઞેશભાઈ વ્યાસ | શૈક્ષણિક સહાય |
| 11,000.00 | શ્રી યશુબહેન હરદેવસિંહજી ગોહિલ | કન્યા કેળવણી સહાય |
| 10,000.00 | શ્રી દેવીન્દ્રાબહેન શાહ | પોષક આહાર સહાય |
| 8,000.00 | શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ | નવરાત્ર ઉત્સવ |
| 5,000.00 | માનવજ્યોત | સર્વાંગી સહાય |
| 5,000.00 | શ્રી દક્ષાબહેન જોશીપુરા | કન્યા કેળવણી સહાય |

**બુધસભાઃ**




• સપ્ટેમ્બર માસમાં બુધસભાની ૨૩૦૩ મી બેઠકનો પ્રારંભ કવિઓના કાવ્ય પઠનથી થયો. કવિતા આસ્વાદ અંતર્ગત શ્રી વિક્રમભાઇ ભટ્ટે કવિશ્રી

મનોજ ખંડેરિયાની કવિતાનો આસ્વાદ કરાવ્યો હતો. ૩૫ ભાવકોની ઉપસ્થિતિમાં બેઠક રસપ્રદ રહી હતી. માસની બીજી બેઠક ''અવસર અભિવ્યક્તિ'' શીર્ષક તળે યોજાઈ. બુધસભામાં ૨૪ કવિઓ ઉપસ્થિત રહયા અને માસના વિવિધ અવસરોના સંદર્ભમાં સ્વરચિત રચનાઓ પ્રસ્તુત કરી હતી. શ્રી પરેશ ત્રિવેદીએ સભાનું સંચાલન કર્યુ હતું. આ પ્રસંગે બુધસભાના સદસ્ય શ્રી જયંતભાઈ હુમ્બલ,શ્રી ભરતભાઈ વાળા, શ્રી દર્શનાબેન રાવળે રાજ્યકક્ષાની માસ્ટર્સ એથલેટિક્સ સ્પર્ધામાં સિદ્ધિ મેળવી તે બદલ અભિનંદન આપવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર માસની ત્રીજી બેઠક ડૉ.માનસી ત્રિવેદીનાં સંચાલનમાં મળી. સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ભાવનગરના જાણીતા સાહિત્યકાર શ્રી પ્રવીણભાઈ સરવૈયા દ્વારા પોતાના ગદ્ય પદ્ય સર્જન, શૈક્ષણિક અનુભવ અને સાહિત્ય સર્જન વિશે રસપ્રદ વાત રજૂ થઈ હતી. ભાવનગરના જાણીતા પ્રજ્ઞાચક્ષુ કલાકાર શ્રી જ્યોતિષા પરમાર દ્વારા કવિ તુષાર શુક્લની રચના મારું ચોમાસું ક્યાંક આસપાસ છે. તેના સુમધુર કંઠમાં રજૂઆત પામી, ભાવકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બુધસભામાં ૩૦ જેટલા ભાવકો અને સાહિત્યપ્રેમીઓ હાજર રહયા હતાં. બુધસભાની ૨૩૦૬ મી બેઠક ૨૫ સપ્ટેમ્બરના રોજ શ્રી વર્ષાબહેન પંડયા જાનીનાં સંચાલનમાં યોજાઈ હતી.જેમાં દિવંગત કવિના જીવન કવન શ્રેણી અંતર્ગત સર્જક શ્રી પીયુષ પારાશર્યએ પિતાજી કવિશ્રી મુકુંદરાય પારાશર્યના જીવનકવન વિશે વક્તવ્ય આપ્યું. કુલ ૨૫ જેટલાં કવિતા પ્રેમી ભાવકો હાજર રહયાં હતા. આમ સપ્ટેમ્બર માસની ચારે બેઠકોમાં ૧૧૪ સાહિત્ય સર્જકોની ઉપસ્થિતિમાં કાવ્ય પઠન નોંધનીય રહયું.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી કમલભાઈ મણીયાર :** શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી અને ક્રિડાંગણ સ્કાઉટ તાલીમ સાથે સંકળાએલ શ્રી કમલભાઈ મણીયારનાં સ્વર્ગવાસથી સંસ્થાએ આશાસ્પદ પરિવાર જન ખોયા છે. એક્સેલ ઈન્ડસ્ટ્રીઝના જનરલ મેનેજર તરીકે અને નિવૃત્તિ પછી પણ શિશુવિહારની માનવ સેવા પ્રવૃત્તિમાં એક કાર્યકર તરીકે સહયોગી રહેનાર શ્રી કમલભાઈનાં આત્માની ચિર શાંતિ માટે સંસ્થા પરિવાર પ્રાર્થના કરે છે.



## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ



- બાળવયથી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય અને મૂલ્ય કેળવણી ઉમેરાય તેવા શૈક્ષણિક હેતુથી શિશુવિહાર સંસ્થાના જીવન શિક્ષણ તાલીમ કેન્દ્રના ઉપક્રમે સપ્ટેમ્બરે માટીના ગણપતી બનાવવાની તાલીમ યોજાઈ. શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણીનાં સૌજન્યથી ચાલતી ૨૧૬મી તાલીમમાં ૪૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.
- શ્રી નવિનભાઈ નાવડીયાના સંકલન તળે તા. ૮ સપ્ટેમ્બરે સંસ્થા રંગમંચ પર જુના હિન્દી-ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૨૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.



- મહિલા અને બાળ વિકાસ વિભાગનાં પા-પા પગલી કાર્યક્રમ અંતર્ગત શહેરની આંગણવાડીના બાળકોનાં સર્વાંગિણ વિકાસ માટે માર્ગદર્શન શિબિર યોજાઈ ગઈ. ૧૨ સપ્ટેમ્બરે સંસ્થા પરિસરમાં યોજાએલ આંગણવાડી શિક્ષકો અને વાલીઓ માટેના પરિસંવાદમાં ૧૦૦૦ નાગરિકો જોડાયા હતા. શહેરના માનનીય મેયરશ્રીની ઉપસ્થિતિમાં શિશુવિહારની બાળ તાલીમના અનુભવોની વાત ડૉ.નાનકભાઈ ભટ્ટે કરી હતી.
- સૂર-સંગમ સંસ્થાનો સપ્તસૂરી સંધ્યાનો ૮૬મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૧૫ સપ્ટેમ્બરે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલન તળે સંસ્થાના રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.
- શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા ૧૦૭મો સાયકલ વિતરણ કાર્યક્રમ તા.૧૫ સપ્ટેમ્બરે યોજાયો. શ્રી જય જલારામ ગૃપના સૌજન્યથી ૨૫ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ થયું હતું.
- જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેર ગ્રામ કક્ષાનો યુવા

સાંસ્કૃતિક ઉત્સવ ૨૧ નવેમ્બરે સંસ્થા પરિસરમાં યોજાયો. પ્રાચિન અને અર્વાચીન વિભાગની વિવિધ ૨૧ સ્પર્ધાઓમાં ૭૦૦ થી વધુ યુવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**● તખ્તેશ્વર ભાવનગર સ્થિત રુદ્ર પરિવાર દ્વારા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે ૭ સાઇકલ ભેટ મળી છે. ફલેટમાં રહેતા પરિવારજનો પોતાના બાળકોની જુની સાઇકલ શૈક્ષણિક સાધન સહાય તરીકે આપે તેવી સાભાર વિનંતી છે.**

● નટરાજ કલા સંસ્થાનો ૧૬૨ મો કાર્યક્રમ 'તેરા સાથ હે તો' ભાગ-૯ અંતર્ગત ૩૨ ગીતોનો મેગા શો તા. ૨૨ સપ્ટેમ્બર રોજ શિશુવિહાર રંગમંચ ઉપર રજૂ થયો હતો. આ પ્રસંગે નટરાજ કલા સંસ્થા અને કોહિનૂર મ્યૂઝિક ગ્રુપના કલાકારોએ હિન્દી ફિલ્મોનાં યાદગાર ગીતોની પ્રસ્તુતિ કરી. મહેમાન કલાકાર ડૉ.મૌલિક પરીખ ખાસ હાજર રહી ૪૦૦થી વધુ શ્રોતાઓને આનંદીત કરેલ.

● શિહોર સંપ્રદાયના ઔદિચ્ય બ્રામ્હણોના તેજસ્વી વિદ્યાર્થીઓનાં અભિવાદનનો એક કાર્યક્રમ ૨૨ સપ્ટેમ્બરે યોજાઇ ગયો. જેમાં શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઇ ભટ્ટના જીવન ચરિત્રની પુસ્તિકા તમામ વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવી હતી.

● આંતરરાષ્ટ્રિય કથક ડાન્સર શ્રી જિજ્ઞાબહેન દીક્ષિત સંપાદિત પુસ્તક ''નમન નવ ગજના'' નું વિમોચન ૨૨ સપ્ટેમ્બરે સંસ્થા પરિસરમાં યોજાયું. ભાવનગર યુનિવસિર્ટી તેમજ જુનાગઢ યુનિવર્સિટીનાં કુલપતિશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાએલ કાર્યક્રમમાં શહેરના ૪૫૦ નાગરિકો પધાર્યા હતા.




● શ્રી કાદરભાઇ શેખ યોજીત પાર્શ્વ ગાયક મહમદ રફીને શ્રદ્ધાંજલિ આપતો ૪૪મો કાર્યક્રમ ૨૭ સપ્ટેમ્બરે સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુત થયો. વરસાદી માહોલ છતાં પણ ૩૫૦ થી વધુ વયસ્ક નાગરિકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ મ્હાણ્યો હતો.

● ભાવનગર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનના વિદ્યાર્થીઓ તા.૨૬ અને ૨૭ એ શિશુવિહાર પરિસરમાં તાલીમ અર્થે આવ્યા હતા.



પ્રાધ્યાપક ડૉ.ચાવડાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને સંસ્થા કાર્યકર અને શહેરના વરિષ્ઠ પત્રકાર શ્રી સુરેશભાઇ ભટ્ટે સંસ્થાની પ્રવૃત્તિથી વાકેફ કરી અનુરૂપ સાહિત્ય આપ્યું હતું.



● શિશુવિહાર સંસ્થા સંચાલિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરનાં શિક્ષકા શ્રી ઉષાબહેન તથા શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તારીખ ૨૮ શનિવારે શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના ધોરણ ૧ થી ૮ ના ૫૫ બાળકોને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવી. આ પ્રસંગે પ્રજ્ઞાચક્ષુ બાળકોને ગીત, અભિનયગાન, સમૂહ રમત, હસ્ત ઉદ્યોગની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. એક દિવસીય તાલીમમાં અંધ ઉદ્યોગ શાળાના તમામ શિક્ષકો પણ જોડાયા હતા. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી લાભુભાઇ સોનવણે દ્વારા પ્રજ્ઞાચક્ષુ બાળકોના વિકાસમાં વધુ યોગદાન અપેક્ષિત રખાયું હતું.

● ભાવનગર યુવા મુસ્લિમ સમાજ આયોજીત ૧૧મો સમૂહ લગ્ન તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ સંસ્થા પ્રાંગણમાં યોજાઇ ગયો.



● શિશુવિહાર બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ અંતર્ગત સતત ૧૬માં વર્ષે ''પ્રકૃતિ અને માનવજીવન'' વિષય પર તા. ૨૯ સપ્ટેમ્બર રવિવારના રોજ સંસ્થા પ્રાંગણમાં ચિત્ર સ્પર્ધા યોજાઇ. આ સ્પર્ધામાં ભાવનગરની શાળામા અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૨ ના ૧૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાંથી ૨૪ ચિત્રો પસંદ કરી ફરી એક દિવસીય વર્કશોપ કરવામાં આવનાર છે. અને વિદ્યાર્થીનું નામ તથા તેનાં ફોટાં, શાળાના નામ સાથે શૈક્ષણિક કેલેન્ડરમાં પ્રકાશિત કરવામાં આવશે. ભાવનગરના જાણીતા ચિત્રકાર શ્રી રમેશભાઇ ગોહિલ તથા ડૉ.અશોકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાએલ. પુસ્તકાલય આધારિત કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્કૂલબેગમાં કંપાસ સેટ, પ્રમાણપત્ર તથા ડ્રોઈંગ પેપર આપવામાં આવેલ.

**શિશુવિહાર પ્રાંગણમાં ભાદરવી અમાસ પ્રસંગે ૨૦૦ બાળકોને ભોજન આરોગ્ય તપાસ તથા શૈક્ષણિક સાધન સહાય કાર્યક્રમ યોજાયો.**

**સ્વાતંત્ર્ય સેનાની અને બાળ કેળવણીકાર શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ તથા શ્રીમતી શૈલાબહેન પ્રફુલ્લકુમાર સુચકની સ્મૃતિમાં ૧૪માં વર્ષે ભાવનગર શહેરની આંગણવાડીના ૨૦૦ બાળકોને શિશુવિહાર પરિસરમાં શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી.**

**તા.૧ ઓક્ટોબરના રોજ સર્વ પિતૃ શ્રાદ્ધ પ્રસંગે તંદુરસ્ત બાળ સ્પર્ધા, ભોજન તથા સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં આંગણવાડી દીઠ રૂ.૨૫૦૦/-ની સહાય આપનાર દાતાશ્રીનો સંસ્થા આભાર માને છે.**

શ્રી યશુબેન હરદેવસિંહજી ગોહિલ (૪ આંગણવાડી), પ્રેસીટિક લેબોરેટરી પ્રા.લી., શ્રી પ્રિયવંદનાબેન અરૂણકાંત દોશી, શ્રી ભાવનાબેન જાગ્રતભાઈ ભટ્ટ, શ્રી જાગ્રતભાઈ પ્રેમશંકરભાઈ ભટ્ટ, શ્રી અનિમેષભાઈ ભટ્ટ, શ્રી નવીનભાઈ મોદી (પ્રત્યેકની ૨ આંગણવાડી), શ્રી રસેન્દુભાઈ ઓઝા, શ્રી જયદેવભાઈ ઉનડકટ, શ્રી પરેશકુમાર વિનોદરાય ત્રિવેદી, શ્રી વિજયભાઈ પી. શાહ, ઉદ્યોગભારતી (રાજકોટ), શ્રી ઉજ્જવલભાઈ ધોળકીયા, શ્રી પ્રતિભાબેન અજીતભાઈ બોલર, શ્રી ચંદ્રકાંતભાઈ બાબુભાઈ મિસ્ત્રી, શ્રી દીપકભાઈ નવીનચંદ્ર જોગી, શ્રી સંજયભાઈ નવીનચંદ્ર જોગી, શ્રી જીગરભાઈ જોગી, શ્રી દર્શનાબેન રાવલ, શ્રી હીમલભાઈ પંડયા, શ્રી ભરતકુમાર હીરાલાલ ચંદારાણા, શ્રી ભારતીબેન જોશી, શ્રી શારદાબેન હર્ષદરાય પંડયા, શ્રી જ્યોતિન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી હિનાબેન મિતેશભાઈ ભટ્ટ, શ્રી દેવદત્તભાઈ પંડયા, શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યાવિદ્યાલય, શ્રી નલિનભાઈ પંડિત, માનસીબહેન જિતેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી ભૂપતરાય એન. ત્રિવેદી, શ્રી હેમેન્દ્રભાઈ દવે, એક શુભેચ્છક (પ્રત્યેકની એક આંગણવાડી).

## શુભેચ્છકો લખે છે

**• શ્રી રાજેશભાઈ ધામેલિયા (સૂરત)**

શિશુવિહાર દ્વારા શૈક્ષણિક, સામાજિક, સાહિત્યિક, તબીબી વગેરે અનેક ક્ષેત્રે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અવિરતપણે થઈ રહી છે જે ખૂબ અભિનંદનીય છે. માતૃભાષાનું સંવર્ધન થતું રહે તે માટે શ્રી અનિલભાઈ શ્રીધરાણીની સ્મૃતિમાં અપાતા માતૃભાષા સંવર્ધન પારિતોષિક માટે મારી પસંદગી કરીને સન્માન કરવા બદલ શિશુવિહાર અને શ્રીધરાણી પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. માતૃભાષા સજ્જતા અને સંવર્ધન વિશે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેના મારા કાર્યક્રમો નિયમિત રીતે યોજતા હોય છે. આ બાબતે મને જ્યારે પણ યાદ કરો, ત્યારે અવશ્ય ઉપસ્થિત રહીશ. શિશુવિહારના કોઈ પણ કાર્યમાં સહયોગી બનવા મળશે તો આનદ થશે.

**• ગૌરી તમન્ના (તાલીમાર્થી સિવણવર્ગ)**

શિશુવિહાર સીવણ તાલીમવર્ગમાં ડ્રોઈંગ, કટીંગ અને સીવણ તાલીમ ઉપરાંત ખાટલીભરત, હેન્ડવર્ક, ફેબ્રિક જ્વેલરી, ફેશન ડિઝાઈન અને મશીન રીપેરીંગની તાલીમ પૂરી પાડવામાં આવે છે. સાથોસાથ સીવણ મશીનના ભાગો વિશે શીખવાડવામાં આવે છે આથી મને ૬ મહિનાના કોર્સ બાદ લીધેલ પરીક્ષામાં ૮૯.૫% ગુણ મળ્યા છે. શિશુવિહાર સંસ્થાનો આભાર વ્યક્ત કરું છું અને શ્રી ગુલાબબા ગોહિલનો પણ આભાર વ્યકત કરું છું. આજે હું સ્વતંત્ર રીતે કમાણી કરી શકું છું. જે માટે મને સંતોષ છે.

**• શ્રી વિશાલ રમણીકભાઈ પંડયા (નિવૃત્ત જવાન ઈન્ડયન આર્મી)**

મને ઘણાં સમયથી ગરદનનાં ભાગે અને મણકામાં લગભગ ૬ મહિનાથી દુખાવો હતો.હું રાત્રે સુઈ પણ શક્તો ન હતો.મેં શિશુવિહારમાં ફીઝીયોથેરાપી સેન્ટરથી સારવાર લીધી હતી.તે બાદ મને ૧૫થી૨૦ દિવસમાં પરિણામ મળ્યું તેથી મારી વિનંતી છે કે મસલ્સ અને હાડકાના દુ:ખાવામાં દવાના બદલે અહીના નિષ્ણાંત ડોક્ટરો પાસે સારવાર લેવા જેવી છે.

**• શ્રી કમલેશભાઈ પંડયા (લાભાર્થી - દર્દી સાધન સહાય)**

શિશુવિહારની સેવા પ્રવૃત્તિની વાત અનોખી છે. જરૂરિયાતમંદ દર્દીઓને ખરા સમયે તમે રાત દીવસ જોયા વિના જરૂરી સાધન આપો છો તે આર્શીવાદ રૂપ છે. પૂજય માનભાઈના સંસ્કારો આજે પણ તમે જાળવ્યા છે તે જોતા ગદગદ થવાય છે. આભાર.

**• કવિ મનોહરભાઈ ત્રિવેદી (ભાવનગર)**

બુધસભાની સાહિત્ય પ્રવૃત્તિના ભાગરૂપે માતૃભાષા સન્માન, કવયિત્રી સન્માન અને અમારા પરમ સ્નેહી શ્રી કિસ્મતભાઈની સ્મૃતિમાં ગઝલ એવોર્ડ, અને આ બધું વરસો વરસથી એક પ્રવાહ માફક. વર્ષ ૨૦૨૪નાં સન્માર્થીઓની શબ્દ સાધના વંદનીય છે. શિશુવિહારને અભિનંદન.

**• શ્રી પરેશભાઈ ત્રિવેદી (ભાવનગર)**

સર્વ પિતૃ અમાસના દીવસે શિશુવિહારનાં આંગણવાડીઓને સાધન સહાય અને તંદુરસ્ત બાળક સ્પર્ધા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું બન્યું. ૨૦૦ જેટલા આંગણવાડીનાં બાળકોનું સ્વાસ્થ્ય સંબંધી પરીક્ષણ થયું, અને

તેમાંથી તંદુરસ્ત બાળકો શોધીને સન્માનવામાં આવ્યા. આંગણવાડીના શિક્ષિકા બહેનોને આંગણવાડી માટે સાધનો આપીને સન્માન્યા. દર વર્ષે વિવિધતા પૂર્ણ રીતે કાર્યક્રમ થાય છે, જેમાં પોતાના પિતૃઓને યાદ કરીને કોઈ આર્થિક યોગદાન આપવું છે પણ ક્યાં આપવું? એ પણ પ્રશ્ન હોય છે, તો એ પ્રશ્નનો જવાબ શિશુવિહાર એવો ચોક્કસ કહી શકાય. શિશુવિહાર એટલા બધા પ્રકારના સેવા પ્રકલ્પો ચલાવે છે કે જેમાં જેટલા રૂપિયા આવે એટલા ઓછા પડે અને એકદમ પારદર્શક રીતે વહીવટ થાય છે અને યોગ્ય જગ્યાએ યોગ્ય સહાય પહોંચે છે, એટલે હું તો આવા દાનવીરોને વિનંતી કરીશ કે તેઓને યોગદાન ક્યાં આપવું? તેવો પ્રશ્ન હોય તો તેનો જવાબ નિશ્ચિત રીતે શિશુવિહાર છે તેવું સમજવું.

## નુતનવર્ષની શુભેચ્છાઓ

શિશુવિહાર સંસ્થા પરિવારના કાર્યકરો, શુભેચ્છકો, દાતાઓ તથા સંસ્થાની શૈક્ષણિક, સામાજિક, આરોગ્યલક્ષી, સેવાકીય પ્રવૃત્તિઓમાં સહાયભૂત બનતા નાગરિકોને દિવાળીની શુભકામના. નવુ વર્ષ આપના માટે સુખદાયી અને યશસ્વી નીવડે તેવી મંગળકામના. ૧૯૩૯માં સ્થપાયેલ શિશુવિહારની વિવિધ પ્રવૃત્તિઓમાં આર્થિક સહકાર આપનાર દાતાશ્રીઓ પ્રત્યે સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**સ્નેહાધીન**

**શિશુવિહાર સંસ્થાનાં કારોબારી સભ્યો**

શ્રી રાજેન્દ્રભાઇ દવે(પ્રમુખ), શ્રી જયંતભાઇ વનાણી (ઉપપ્રમુખ)
ડૉ.નાનકભાઇ ભટ્ટ (મંત્રી), શ્રી ઇન્દાબહેન ભટ્ટ (સહમંત્રી)
શ્રી દીપેશભાઇ શ્રોફ, શ્રી શબનમબહેન કપાસી, શ્રી હરેશભાઇ ભટ્ટ
ડૉ.એમ.એચ.મહેતા, શ્રી તુલસીભાઇ પટેલ, ડૉ.મનિષભાઇ વકીલ,
શ્રી મનિષભાઇ દેસાઇ

**નિમંત્રણ**

શિશુવિહાર સંસ્થાનું ૮૫માં સ્થાપના વર્ષ તથા નૂતનવર્ષ પ્રસંગે પરિવાર સ્નેહમિલન તા.૨ નવેમ્બર, શનિવાર (નૂતનવર્ષ) સવારે ૧૦:૩૦ કલાકે સંસ્થાના બુધસભા હોલમાં મળશે. જેમાં પરિવારજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA